તારીખ : 03/04/2026

# જીવદયા નું અનોખું કાર્ય પ્રાર્થના સભામાં સેવા અને સંવેદનાનો સંદેશ





સાવરકુંડલા શહેરમાં માનવતા અને જીવદયાનું એક અનોખું ઉદાહરણ સામે આવ્યું છે. જૈન સમાજના અગ્રણી સ્વ. પ્રભુદાસભાઈ સોમચંદ દોશીની પ્રાર્થના સભા નિમિતે દોશી પરિવારે સેવા અને સંવેદનાને પ્રાધાન્ય આપતું સરાહનીય કાર્ય કર્યું હતું.

તારીખ 22/03ના રોજ સ્વ. પ્રભુદાસભાઈ દોશીનું દુઃખદ અવસાન થયેલ હતું. તેમની સ્મૃતિમાં યોજાયેલી પ્રાર્થના સભામાં તેમના ભાઈ સુરેશભાઈ, પુત્ર રાજેશભાઈ અને સુનિલભાઈ દોશી સહિત સમગ્ર દોશી પરિવારે ઉપસ્થિત સ્વજનોને એક અનોખી રીતે ભાવાંજલિ અર્પણ કરી હતી.પ્રાર્થના સભામાં આવનાર તમામ સ્વજનોને શ્રીફળમાં “નવરત્ન” સમાન વિવિધ ખાદ્ય સામગ્રી ભરીને કીડીઓ માટે કીડીયારૂ તરીકે અર્પણ કરવામાં આવ્યા હતા. આ શ્રીફળ સ્વીકારી સ્વજનો પોતાના ઘરે અથવા યોગ્ય સ્થળે કીડીઓ માટે આહાર મૂકી જીવદયાનું કાર્ય આગળ ધપાવી શકે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

દોશી પરિવારે કોઈપણ પ્રકારના આડંબર વિના માત્ર સેવા અને કરુણાને કેન્દ્રમાં રાખીને સમાજને નવી દિશા દર્શાવી છે. “સેવા એજ પરમો ધર્મ” ના સૂત્રને આ કાર્ય દ્વારા સાચા અર્થમાં સાકાર કરવામાં આવ્યું છે.આ ઉપરાંત, પ્રાર્થના સભા નિમિતે સાવરકુંડલા કબીર ટેકરી આશ્રમ દ્વારા ચલાવાતી નિરાધાર અને જરૂરિયાતમંદ લોકો માટેની ટીફિન સેવામાં મિષ્ઠાન ભોજન અર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ શિવાજીનગર ગૌશાળા ખાતે ગાયોને તરબૂચ ખવડાવી જીવદયાનું પુણ્ય કાર્ય કરવામાં આવ્યું હતું.આ સમગ્ર આયોજનમાં માનવતા, સેવા અને અબોલ જીવ પ્રત્યેની કરુણાની સુંદર ઝાંખી જોવા મળી હતી, જે સમાજ માટે પ્રેરણારૂપ બનશે.

કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

# અંબાલાલ પટેલ ની આગાહી સૌરાષ્ટ્રમાં પડી શકે છે ફરી કમોસમી વરસાદ



ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં 2 એપ્રિલ 2026 ગુરુવારના રોજ સવારે 10 વાગ્યા સુધીમાં 7 તાલુકામાં વરસાદ નોંધાયો છે. ખાસ કરીને દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં વરસાદી ઝાપટા જોવા મળ્યા છે. દ્વારકાના કલ્યાણપુરમાં આશરે 1 ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. પાટણ-વેરાવળ વિસ્તારમાં પણ 1 ઈંચ વરસાદ નોંધાયો. જ્યારે ખંભાળીયામાં પોણો ઈંચ વરસાદ પડ્યો હતો. ઉપરાંત ઓખામાં 7 મીમી અને કચ્છના મુંદ્રામાં 5 મીમી વરસાદ નોંધાયો છે. ભાણવડમાં 2 મીમી અને તાલાળામાં 1 મીમી વરસાદ પડતા સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ છે.હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગામી દિવસોમાં પણ રાજ્યના અનેક ભાગોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તેમની આગાહી મુજબ જામનગર, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. સાથે જ 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે, જેનાથી બાગાયતી પાકોને નુકસાન થવાની ભીતિ છે. કચ્છ સહિતના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે.

કે.ડી. NEWS
તારીખ : 03/04/2026

# તલગાજરડામાં 13 કલાધરોનું સન્માન કરવામાં આવ્યું...



આજના હિંસાના વાતાવરણમાં મોરારીબાપુ શાંતિનો સંદેશો ફેલાવી રહ્યા છે: ફિરોઝ ખાનમહુવા નજીક તલગાજરડા ખાતે યોજાયેલો હનુમંત સંગીત નૃત્ય મહોત્સવ હનુમાન જન્મોત્સવના પાવન દિવસે પૂર્ણ થયો હતો. મોરારીબાપુની પ્રેરણાથી છેલ્લા 48 વર્ષથી આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં દેશભરના સંગીત, નૃત્ય અને કલા પ્રેમીઓ મોટી સંખ્યામાં હાજરી આપે છે. મહુવાના તલગાજરડા ખાતે યોજાયેલા મહોત્સવના સમાપન પ્રસંગે આ વર્ષે વિવિધક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર કલાકારો અને વિદ્વાનોને અલગ-અલગ એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.ખાસ કરીને હિન્દી ફિલ્મ જગતની જાણીતી અભિનેત્રી શબાના આઝમીને નટરાજ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. એવોર્ડ સ્વીકારતા અભિનેત્રી શબાના આઝમીએ જણાવ્યું કે જીવનમાં અનેક સન્માનો અને એવોર્ડ મળ્યા છે. પરંતુ મોરારીબાપુના હસ્તે મળેલું આ સન્માન અત્યંત ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયી છે. આ સન્માન સાથે સામાજિક જવાબદારી વધુ વધતી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સાથે જ કલા માત્ર મનોરંજન પૂરતી નથી.

સમાપન સમારોહમાં દેશભરના કલાકારો અને વિદ્વાનોને 13 પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.સુસાઈ કન્નુ કુલંદેઈ સામીને સદ્ભાવના એવોર્ડ, કનુ પટેલને કૈલાસ લલિતકલા એવોર્ડ, શ્યામલ મુનશી અને સૌમિલ મુનશીને અવિનાશ વ્યાસ એવોર્ડ, વસંતકુમાર એમ. ભટ્ટ વાચસ્પતિ એવોર્ડ, શુચિતા વાય મહેતાને સંસ્કૃત એવોર્ડ, રમેશભાઈ બી. નાયકને ભવાઈ માટે નટરાજ એવોર્ડ, અરવિંદ વૈદ્યને નાટક માટે નટરાજ એવોર્ડ, કંવરજીત પેન્ટલને ટીવી સિરિયલ માટે નટરાજ એવોર્ડ, શબાના આઝમીને હિન્દી ફિલ્મ માટે નટરાજ એવોર્ડ, રતિકાંત મહાપાત્રને ઓડિસી નૃત્ય માટે હનુમંત એવોર્ડ, ઓજસ અઢિયાને તાલવાદ્ય માટે હનુમંત એવોર્ડ, દેબાશીશ ભટ્ટાચાર્યને વાદ્યસંગીત માટે હનુમંત એવોર્ડ, અને વિદુષી કૌશિકી ચક્રવર્તીને શાસ્ત્રીય ગાયન માટે હનુમંત એવોર્ડ અર્પણ કર્યા હતા.મહાભારતમાં અર્જુન ની ભૂમિકા ભજવનારા અભિનેતા ફિરોઝ ખાન વિશેષ હાજર રહ્યા હતા તેમણે કહ્યું હતું કે આજના હિંસાના વાતાવરણમાં મોરારીબાપુ શાંતિનો સંદેશો ફેલાવી રહ્યા છે. અને સબાના આઝમી એ જણાવ્યું હતું કે સત્ય પ્રેમ કરુણા જીવવા એ મારી જવાબદારી છે સાથે આ તકે પૂજ્ય મોરારીબાપુ એ પણ કહ્યું હતું કે જીવનમાં સાત આહાર ઊર્જાને ઉધ્વગામી કરે છે. અને એ પણ કહ્યું હતું કે વિવિધ કલાઓ દ્વારા સામાજિક ક્રાંતિ પણ થઈ શકે છે જીવનમાં ગાયન, વાદન,નર્તન,એકાંત મૌન,મંત્ર અને ભજન એ સાત આહાર છે.

ક્રેડ્રેડી NEWS

તારીખ : 03/04/2026

# છત્રપતિ શિવાજી મહારાજની આજે પુણ્યતિથિ



છત્રપતિ શિવાજી રાજે ભોંસલે પશ્ચિમ ભારતમાં મરાઠા સામ્રાજ્યના સ્થાપક હતા. તેમનાં વ્યક્તિત્વ ઘડતરમાં માતા જીજાબાઈ,દાદા કોડદેવ અને ગુરુ સમર્થ રામદાસ નો અગત્ય નો ફાળો છે. પર્વતીય પ્રદેશમાં ઉપયોગી તેવી ગેરિલા એટલે કે છાપામાર પદ્ધતિનો ખૂબ ચતુરાઈથી ઉપયોગ કરીને શિવાજીએ મુઘલ પાસેથી મરાઠા પ્રદેશ જીતી લીધો હતો. ભારતમાં અને ખાસ તો મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેમની એક વીરપુરુષ તરીકે ગણના થાય છે.જૂન ૬ ૧૬૭૪ના રોજ શિવાજીનો રાયગઢ કિલ્લામાં રાજયાભિષેક કરવામાં આવ્યો હતો.ઈ.સ. ૧૬૭૭-૭૮ માં શિવાજીનું ધ્યાન કર્ણાટક તરફ ગયું. મુંબઈના દક્ષિણમાં કોંકણ, તુંગભદ્રા નદીના પશ્ચિમમાં બેલગામ તથા ધારવાડનો વિસ્તાર, મૈસૂર, વૈલારી, ત્રિચુર તથા જિંજી પર કબજો મેળવ્યા બાદ ૪ એપ્રિલ, ૧૬૮૦માં શિવાજીનું દેહાંત થયું હતું. તો છત્રપતિ શિવાજી મહારાજના ચરણોમાં કોટી કોટી વંદન કરીએ અને એમના જીવનમાંથી પ્રેરણા લઈએ.

કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

# સાવરકુંડલા નેસડી રોડ પાસે આવેલ મહાકાય વૃક્ષ ધરાશાઈ




સાવરકુંડલા શહેરના હાર્દ સમાન નેસડી રોડ ખાતે તારીખ 3 એપ્રિલ 2026 શુક્રવારના રોજ સવારે 10:30 વાગ્યે રૂપાલી પાન સેન્ટર પાસે એક મહાકાય વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું વૃક્ષ ધરાશાયી થતા થોડીવાર માટે અફડાતફડી મચી ગઈ હતી અને વીજળીના જીવંત તાર પર આ વૃક્ષ પડતા તમામ તારો પણ તૂટી જવા પામ્યા હતા સદનસીબે આ સમયે કોઈ ત્યાં ન હોવાથી કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 03/04/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

# અમરેલી જિલ્લા 108 ની ટીમ દ્વારા ઈ. એમ. ટી. દિવસ ની ઊજવણી કરવામાં આવી...




108 માં કામ કરતા અને કટોકટી ના સમયમાં દર્દી ની સૌપ્રથમ વહારે આવતા અને સારવાર અને સેવા આપતા કર્મચારીઓ એટલે ઈ. એમ. ટી. એટલે કે ( ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન) ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત 108 ની ઈમરજન્સી સેવા દ્વારા આજે 2 એપ્રીલ ના રોજ ઈ. એમ. ટી. દિવસ ની ઉજવણી સાવરકુંડલા ખાતે કરવામાં આવી હતી જેમાં ખાસ સાવરકુંડલા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ના સુપ્રિટેન્ડેન્ટ શ્રી ડો. વિવેક તરસરીયા સાહેબ તેમજ શિવાંગી મેડમ હાજર રહી દરેક ઈ.એમ.ટી. ને ખાસ પ્રોત્સાહન આપ્યું હતું અને તેમણે તેમની સેવા ની ખૂબ પ્રશંસા કરી અને તેઓ ને વધુ સારી રીતે સેવા આપી શકે તેવું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ અમરેલી જિલ્લાના 108 સેવા ના જિલ્લા અધિકારીઓ હાજર રહ્યા હતા અને ખાસ આજ ના આ દિવસે દરેક ઈ.એમ.ટી. મિત્રો ને ખાસ શુભેચ્છાઓ પાઠવી હતી અને તેઓ સૌ સાથે મળી ને દર્દી ની વધુ માં વધુ ઝડપી અને સારી એવી સેવા અને સારવાર પૂરી પાડી શકે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ આજના આ દિવસે કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.



તારીખ : 03/04/2026

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે આજે પૂનમ ગીરી માતાજી સમાધિષ્ઠ થયા



સાવરકુંડલા થી પાંચ કિલોમીટર ઉપર માનવ મંદિર આશ્રમ આવેલો છે છેલ્લા 13 વર્ષથી આ આશ્રમમાં રખડતા ભટકતા નિરાધાર મનોરોગી બહેનોને વિના મૂલ્ય આશ્રય આપી પુનર્જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ ભક્તિ બાપુ દ્વારા કરાઈ રહ્યો છે આજે સવારે ગાંધીધામ કચ્છ માં આવેલ મહંત શ્રી 1008 મહામંડલેશ્વર શ્રી દેવેન્દ્ર ગીરી બાપુના આશ્રમમાં આ માતાજી હતા ત્યાંથી માનુવ મંદિરેતારીખ.9,12,24 ના રોજ દાખલ કરવામાં આવેલા આજે સવારે પૂજ્ય ભક્તિ બાપુ અને સાવરકુંડલા સાધુ સમાજ દ્વારા તેમને વિધિવત સમાધિ આપવામાં આવી

તારીખ : 03/04/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન


## વેચવાનું છે...

અંદાજે 1070 ફુટ બાંધકામ
“‘પરિમલ’’, જીંજુડા ગેઈટ રોડ,
મહાદેવના મંદિર સામે,
આઝાદ ચોકથી આગળ,
સાવરકુંડલા.

**નટુભાઈ મુંજાણી**
**મો. 99981 01063**
**મો. 97147 35873**

તારીખ : 03/04/2026

# રાજુલાની દેવકાવિદ્યાપીઠમાં કાવ્યહેલી'કવિસંમેલન યોજાયુ










અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દેવકા ગામે દેવકા વિદ્યાપીઠના ગ્રાઉન્ડમાં પ. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની નિશ્રામાં 'કાવ્યહેલી' કવિ સંમેલન GTPL ગુજરાતી, સૌરભ સંસ્થાન રાજુલા તથા દેવકા વિધ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે તા ૩૧ માર્ચના સાંજે યોજાયું હતું. કવિ સંમેલનનો પ્રારંભ પ. પૂ. ભાઈશ્રી તથારાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીના હસ્તે દીપ પ્રાગટ્યથી થયું હતું. વિદ્યાપીઠના પ્રિન્સીપાલ બેલાબેન નાયકે આવકાર પ્રવચન, પ્રાસંગિક પ્રવચન લોકસાહિત્ય સેતુ અમરેલીના પ્રમુખ ઈતેષભાઈમહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ GTPLગુજરાતીના ચેનલ હેડ જયેન્દ્ર મીલવાર ચીફ ગેસ્ટ તરીકે, વિદ્યાપીઠના ટ્રસ્ટી ગૌતમભાઈ ઓઝા, સૌરભ સાહિત્ય સંસ્થાનના પ્રમુખ શશિભાઈ રાજ્યગુરુ, 'કાવ્યહેલી' કાર્યક્રમના પ્રોગ્રામ ડિરેકટર શૈલેષ પંડ્યા કવિ 'ભીનાશ' વગેરે કવિઓ અને સાહિત્ય સંસ્થાના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ગણેશ સ્ટોર્સ

| | | |
|---|---|---|
| જેન્ટ્સ નાઈટડ્રેસ | કાર્ગો પેન્ટ | લોંગ ટીશર્ટ |
| લેડીઝ નાઈટડ્રેસ | કેપ્રી | ગાઉન |
| કોર્ડસેટ | બરમુડા | મેરેજ નાઈટી |
| ટ્રેકસુટ | લેડીઝ હેરમ | બેલ્ટ |
| ટ્રેક પેન્ટ | પ્લાઝો | પાકીટ |

**સ્પ્રે તથા હોઝીયરી આઈટમ મળશે..**

અમારે ત્યાં તમામ સાઈઝ મળી જશે...

**સાઈઝ : S to 7xl**

## વિવેકાનંદ માર્કેટ,

ક્રિષ્ના ગારમેન્ટની બાજુમાં, સાવરકુંડલા.

મો. 78789 81588

ક્રેઝી NEWS
તારીખ : 03/04/2026

# હનુમાન જન્મોત્સવ નિમિત્તે ધારીમાં ભવ્ય શોભાયાત્રા નીકળી...



2 એપ્રિલ 2026 ગુરૂવારના રોજ અમરેલી જિલ્લાના ધારીમાં હનુમાનજીના પ્રાગટ્ય પર્વ નિમિત્તે નીતિન દાદા જોશીના નિવાસસ્થાને સરદાર નગરથી સાંજના 4:00 કલાકે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા નીકળી હતી પટેલ વાડી નર્સરી ની બાજુમાં આ શોભાયાત્રા પૂર્ણ થઈ હતી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા જય શ્રી રામ સીતારામ અને જય કષ્ટભંજન દેવ મારુતિ નંદન નો નાદ ગુંજી ઉઠ્યો હતો અને હનુમાનજીના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડૉ. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડૉ. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 03/04/2026

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલા દ્વારા 346 મો વિના મૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ સાથે દંત ચિકિત્સા યોજાયો

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દ થી તેમજ દાંત ના દર્દ થી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિના મૂલ્યે નેત્ર કેમ્પ સાથે દંત ચિકિત્સા આજરોજ તા- 03/04/2026 ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી ની પાવન સ્મૃતિ માં 346 માં નેત્ર કેમ્પ સાથે દંત ચિકિત્સા નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલ ના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો સાથે રાજકોટ ના ડો. જયસુખભાઈ મકવાણા અને તેમની ટીમ ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન ના મોનિકાબેન ભટ્ટ, જાગૃતિ બેન ચૌહાણ અને ડૉ. સંજયભાઈ અગ્રાવત દ્વારા નિદાન કરવામાં આવેલ. નેત્રયજ્ઞ માં 54જેટલા મોતિયા ના દર્દીઓ ની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ 17 જેટલા દર્દીઓ ને મોતિયાના ઓપરેશન ની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગર ની આંખ ની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ અને જે દર્દીઓ ને ચશ્મા અને દવાઓ ની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી જ્યારે દંતયજ્ઞ માં 36 જેટલા દર્દીઓની દાંત અને પેઢાના રોગોનું નિદાન કરવામાં આવેલ જેમાં 9 દર્દીઓ ની દાઢ આયુર્વેદ ની જાલંધર બંધ વિધિથી ઈન્જેક્શન વગર કાઢી નાખવામાં આવી હતી સાથે દરેક ને વિનામૂલ્યે દવાઓ પણ આપવામાં આવેલ . 346 માં વિના મૂલ્યે નેત્રયજ્ઞ અને દંતયજ્ઞ નું દિપ પ્રાગટ્ય દાતાશ્રી ધીરજલાલ કાનજીભાઈ ઘેલાણી. હસ્તે. ચંદ્રિકાબેન કામદાર ના સહયોગ થી શ્રી કનુભાઈ ગેડીયા અને સંસ્થા નાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી અને વીરનગર, રાજકોટ ના ડોક્ટર શ્રી સંસ્થા ની હોસ્પિટલ ના ડોક્ટર શ્રી નિલેશભાઈ ત્રિવેદી વિગેરે દ્વારા કરવામાં આવેલ.સંસ્થા નાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી ના સાનિધ્ય માં નેત્રયજ્ઞ ની તથા દંતયજ્ઞ ની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવેલ. નેત્રકેમ્પ તથા દંતયજ્ઞ ના યજમાન પદે મુંબઈ ના શ્રી ધીરજલાલ કાનજીભાઈ ઘેલાણી . હસ્તે. ચંદ્રિકાબેન કામદાર રહ્યા હતા. નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ ને સફળ બનાવવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થા નાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી નાં વડપણ હેઠળ સાથે સંસ્થાના કર્મચારીઓ એ જેહમત ઉઠાવી હતી, અને આવનાર તમામ દર્દી નારાયણ ને ચા સાથે ખમણ, ભેળ વિગેરે નાસ્તો આપવામાં આવેલ હતો...










કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬

## આદર્શ આચારસંહિતા અમલી : જાહેર, ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા,પ્રચાર સામગ્રી ચોંટાડવા માટે સંબંધિત કાયદાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે

અમરેલી તા. ૦૩ એપ્રિલ,૨૦૨૬ (શુક્રવાર) – ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૦૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે. આદર્શ આચારસંહિતા અમલ માટે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમો હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કોઈપણ ઉમેદવાર, વ્યક્તિઓ દ્વારા ધ્વજ,બેનર્સ,હોર્ડીંગ્સ, કટઆઉટ્સ કે અન્ય પ્રચારના સાધનો બોર્ડ વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ તેમજ રસ્તા ઉપર મુકી શકાશે નહીં, બેનર્સ વગેરે લગાવવા માટે સત્તાધિકારીશ્રીની મંજૂરી મેળવવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ્સ વગેરે મુકેલ હશે તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. જાહેર, ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા,પ્રચાર સામગ્રી ચોંટાડવા માટે સંબંધિત કાયદાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.ઉમેદવાર, ઉમેદવારીપત્રો ભરવા કે ચકાસણીમાં હાજરી આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે જાય ત્યારે મોટા સરઘસ આકારે જવું નહીં. જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહીં. ચૂંટણી કમિશન તરફથી થયેલ હુકમ મુજબ કોઈપણ સંજોગોમાં ત્રણ કરતા વધુ સુરક્ષા વાહનો ધરાવતો કાફલો કેન્દ્રના અથવા રાજ્ય સરકારના કોઈ મંત્રીએ લઈ જવા નહીં તેમજ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલામાં ત્રણથી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહીં. પ્રચાર વખતે ડોર ટુ ડોર કેમ્પેઈન માટે પાંચથી વધુ વ્યક્તિઓ (ઉમેદવારની સિક્યુરિટીને બાદ કરતા) જઈ શકશે નહીં. છટાદાર ભાષણો કે ચાળા પાડવા પર પ્રતિબંધ રહેશે. ચૂંટણી દરમિયાન કોઈપણ જનસમૂહ કે કોઈપણ રાજકીય પક્ષકારો ભેગા થઈ જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં ટોળાના રૂપમાં કે સમૂહમાં કોઈપણ રીતે એકઠા થઈને આવેદનપત્રો આપવાના બહાને કે સરઘસના રૂપમાં એકઠા થઈ રેલી કાઢતા હોય, જેથી ચારથી વધુ વ્યક્તિઓ એકીસાથે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે. સભા કે સરઘસ માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાંથી પરવાનગી મેળવવાની રહેશે. આ હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ના ભંગ માટે આ જ એક્ટની કલમ ૧૩૧ તથા કલમ ૩૭ના ભંગ બદલ આ જ એક્ટની કલમ ૧૩૫ હેઠળ સજાને પાત્ર છે. આ હુકમ જિલ્લાની કુલ ૧૭ નગરપાલિકાઓ તથા જિલ્લા અને તાલુકા પંચાયતની યોજાનાર સામાન્ય, પેટા ચૂંટણીમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં તા. ૩૦.૦૪.૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬

## રાજકીય પક્ષો-ચૂંટણી લડતા ઉમેદવારો-કાર્યકરોએ ચૂંટણી કામ માટે સરકારી આરામગૃહ, ડાક બંગલા-વિશ્રામગૃહનો ઉપયોગ કરવો નહિ

અમરેલી તા. ૦3 એપ્રિલ,૨૦૨૬ (શુક્રવાર) – ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૦૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે. આદર્શ આચારસંહિતા પાલન કરવાની સૂચના આપવામાં આવેલ હોય આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી અમરેલી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨3ની કલમ-૧૬3 અન્વયે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારો તથા તેમના કાર્યકરો ચૂંટણી કામ માટે સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ અને વિશ્રામગૃહોનો ઉપયોગ કરી શકશે નહિ. આ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. સમગ્ર જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધ સરકારી સહિત તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો, ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ, તથા જાહેરસ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો-કાર્યકરો, ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવો પ્રતિબંધિત છે. રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ, અતિથિ ગૃહ વગેરેમાં રહેવા માટે રુમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ, અતિથિ ગૃહ વગેરેમાં રાખી શકાશે નહીં. કોઈએક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રુમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ, અતિથિ ગૃહ વગેરેમાં રહેવા માટે રુમ ફાળવી શકાશે નહીં તથા અતિથિ ગૃહોમાં પૂરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નક્કી કરેલ સામાન્ય દરોએ પૂરેપૂરી વસુલાત લેવાની રહેશે. આ જાહેરનામાનો અમલ તા. 30.૦૪.૨૦૨૬ સુધી કરવાનો રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨3ની કલમ-૨૨3 અન્વયે શિક્ષાને પાત્ર રહેશે. હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨3ની કલમ-૨૨3 મુજબ કાર્યવાહી કરવા માટે અમરેલી જિલ્લાના સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

તારીખ : 03/04/2026

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬

## આદર્શ આચારસંહિતા અન્વયે લાઉડ સ્પીકર તથા વાહનો પર લાઉડ સ્પીકર લગાડવા પ્રતિબંધિત

અમરેલી તા. 03 એપ્રિલ,૨૦૨૬ (શુક્રવાર) – ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૦૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે. આદર્શ આચારસંહિતા પાલન કરવાની સૂચના આપવામાં આવેલ હોય આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આદર્શ આચારસંહિતા અમલીકરણ માટે અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ 33ની પેટા કલમ-૧(આર) હેઠળ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. આદર્શ આચારસંહિતા અન્વયે લાઉડ સ્પીકર તથા વાહનો પર લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર દરમિયાન સભા, સરઘસ કે વાહનો પર માઈક વગાડી શકાશે નહિ. સંબંધિત સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારે ૮ વાગ્યા થી રાત્રે ૧૦ વાગ્યા સુધી માઈકનો ઉપયોગ કરવો. વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તાધિકારીશ્રીને આ વાહનોની નોંધણી, ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે અને ચૂંટણી અધિકારીશ્રી, પોલીસને જાણ કરવી. લેખિત પરવાનગી વિના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો તે વાહન સહિત તમામ ઉપકરણો જપ્ત કરવામાં આવશે. ચૂંટણીમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં આ હુકમનો અમલ તા.30.0૪.૨૦૨૬ સુધી કરવાનો રહેશે. હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કે.ડી. NEWS
તારીખ : 03/04/2026

# અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત પરવાનેદારોને હથિયાર જમા કરાવવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનો આદેશ

## જાહેરનામું અમલમાં આવ્યા બાદ ૭ દિવસની અંદર સંબંધિત પોલીસ સ્ટેશનમાં હથિયારો જમા કરાવવા ફરજિયાત

અમરેલી તા. 03 એપ્રિલ, ૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય તથા પેટાચૂંટણીઓને ધ્યાનમાં રાખીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ જિલ્લાની કુલ ૧૭ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેમાં નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત વિસ્તારમાં કોઈ વ્યક્તિ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈ પણ હથિયાર ધારણ કરવું નહીં.જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં વ્યક્તિગત અને જિલ્લા બહારથી પરવાના મેળવેલ હથિયાર પરવાનેદારોએ તેમના પરવાના હેઠળના હથિયારો જાહેરનામું અમલમાં આવ્યા બાદ ૭ દિવસની અંદર સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા ફરજિયાત રહેશે. જમા કરાયેલા હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ ૪૭ અને નિયમ ૪૮ હેઠળ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત રીતે રાખવામાં આવશે અને ચૂંટણી આચાર સંહિતા પૂર્ણ થયા બાદ નિયમ મુજબ પરત આપવામાં આવશે. જાહેરનામામાં કેટલાક વર્ગોને આ આદેશમાંથી મુક્તિ આપવામાં આવી છે જેમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ફરજ પર રહેલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ, સરકારી સુરક્ષા એજન્સીના સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત અધિકારીઓ, રાષ્ટ્રીયકૃત બેંકોના અધિકૃત સુરક્ષા ગાર્ડ તેમજ જિલ્લાના બહાર વસવાટ કરતા હથિયાર પરવાનેદારોનો સમાવેશ થાય છે. જિલ્લા બહાર વસવાટ કરતા હથિયાર પરવાનેદારો ચૂંટણી હેઠળના વિસ્તારોમાં હથિયારો લઈ જઈ શકશે નહીં. જામીન પર છૂટેલા વ્યક્તિઓ, ફોજદારી ગુના કર્યાની ભૂમિકાવાળી વ્યક્તિઓ, હુલ્લડના ગુના કર્યાની ભૂમિકામાં સંડોવાયેલા વ્યક્તિઓ, ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યક્તિઓ, ચૂંટણી પ્રક્રિયામાં કાયદો વ્યવસ્થામાં બાધકરૂપ વ્યક્તિઓ જો હથિયારનો પરવાનો ધરાવતા હગોય તો તેની સમીક્ષા કરી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ તેમના હથિયાર જમા લેવાના રહેશે. આ જાહેરનામું તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૬ થી તા. 30 એપ્રિલ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ હેઠળની કલમ-૨૫ હેઠળ પણ ગુનો નોંધાઈ શકશે. આ હુકમની અમલવારી કરવા માટે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ કાર્યવાહી કરવા માટે અમરેલી જિલ્લાના સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

કે.ડી. NEWS
તારીખ : 03/04/2026

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬

અમરેલી તા. 03 એપ્રિલ,૨૦૨૬ (શુક્રવાર) – ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૦૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે. આ અન્વયે અમરેલી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તથા નગરપાલિકાઓની ચૂંટણી માટેની આંકડાકીય માહિતી અને મતદાર યાદીની વિગતો જાહેર કરવામાં આવી છે.તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી-૨૦૨૬ હેઠળ અમરેલી જિલ્લામાં અમરેલી, વડીયા, લાઠી, બાબરા સાવરકુંડલા, લીલીયા, ધારી, બગસરા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ એમ કુલ ૧૧ તાલુકાઓનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લામાં જિલ્લા પંચાયત મતદાર મંડળોની કુલ ૩૪ બેઠકો અને તાલુકા પંચાયત મતદાર મંડળોની કુલ ૧૯૦ બેઠકો માટે ચૂંટણી યોજાશે. કુલ ૧,૦૯૩ મતદાન મથકો ખાતે મતદાન કરવામાં આવશે. આ ચૂંટણીમાં કુલ ૮,૬૪,૮૭૭ મતદારો નોંધાયા છે. કુલ મતદારોમાં ૪,૫૫,૪૪૯ પુરુષ, ૪,૦૯,૪૨૭ સ્ત્રી અને ૧ અન્ય મતદારનો સમાવેશ થાય છે.નગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ હેઠળ જિલ્લાની કુલ ૬ નગરપાલિકાઓ જેમાં અમરેલી, બાબરા, સાવરકુંડલા, ધારી, બગસરા અને દામનગરનો સમાવેશ થાય છે, તેમાં ચૂંટણી યોજાશે. આ નગરપાલિકાઓના કુલ ૪૬ વોર્ડ માટે ચૂંટણી યોજાવાની છે. કુલ ૨૩૧ મતદાન મથકો ખાતે મતદાન યોજાશે. નગરપાલિકા વિસ્તારોમાં કુલ ૨,૧૦,૬૭૭ મતદારો નોંધાયેલા છે. શહેરી મતદારોમાં ૧,૧૦,૧૫૯ પુરુષ, ૧,૦૦,૪૯૮ સ્ત્રી અને ૨૦ અન્ય મતદારો છે.સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ અન્વયે ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતા અમલી બનાવવામાં આવી છે. આ આદર્શ આચારસંહિતાનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

**જિલ્લાના કુલ ૧૧ તાલુકાના કુલ મળીને ૧૦૯૩ મતદાન મથકો ખાતે મતદાન યોજાશે**

**અમરેલીની કુલ ૬ નગરપાલિકા ચૂંટણી ૨૦૨૬ અન્વયે કુલ ૨,૧૦,૬૭૭ મતદારો નોંધાયેલ છે**

તારીખ : 03/04/2026

# સાવરકુંડલા તાલુકાના થોરડીમાં 'ગાય આધારિત ગ્રામ સ્વરાજ' વિષય પર મીટિંગ યોજાઈ



સાવરકુંડલા તાલુકાના થોરડી સ્થિત લોકવિદ્યા મંદિર ખાતે તાજેતરમાં શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ અને લોકસેવક સંઘના સંયુક્ત ઉપક્રમે 'ગાય આધારિત ગ્રામ સ્વરાજ' વિષય પર વિશેષ 'પૂનમ મીટિંગ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિતઅતિથિઓનું સૂતરની આંટી અને કંકુ-ચોખાથી ભાવભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે પ્રાર્થના બાદ પ્રાકૃતિક ખેતીના મહત્વ પર વિશેષ ખેતી અને પશુપાલનના સમન્વય ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં થકી ભારતને ફરી 'સોનાની ચીડિયા' બનાવવાના માર્ગ પર ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગ્રામીણ ઉત્થાન માટે ખૂબ પ્રેરણાદાયી રહ્યો હતો. આકે મોટી સંખ્યામાં ગ્રામજનો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા લોકો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 03/04/2026

# લાઠીમાં ભંગારના ડેલામાં આગ



અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં ગાંગડિયા નદીના કાંઠે આવેલા એક ભંગારના ડેલામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં અંદાજે રૂ.૪ થી ૫ લાખનું મોટું નુકસાન થયું હોવાનો અંદાજ છે. મળતી વિગતો મુજબ, ડેલામાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો તાત્કાલિકમદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકો અને તંત્રએ કલાકોની ભારે જહેમત બાદ પાણીનો સતત મારો ચલાવીને આગને માંડ-માંડ નિયંત્રણમાં લીધી હતી. આગ સંપૂર્ણ કાબૂમાં આવે તે પહેલા જ ડેલામાં રાખેલો મોટાભાગનો કીમતી ભંગાર બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે આ ગંભીર ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

તારીખ : 03/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

કે.ડી. NEWS
તારીખ : 03/04/2026

# હનુમાન જન્મોત્સવ નિમિત્તે પોલીસ અધ્યક્ષ અને પોલીસ સ્ટાફની ભૂરખીયા સુધીની પદયાત્રા....



હનુમાન જન્મોત્સવ નિમિત્તે પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત અને અમરેલી જિલ્લા પોલીસ સ્ટાફ દ્વારા ભુરખિયા હનુમાનજી મંદિર સુધી પગપાળા પદયાત્રા કરી હતી. અને ભુરખીયા હનુમાનજી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

# જાફરાબાદ તાલુકાના ગામ સીસીટીવી કેમેરાથી સુરક્ષિત કરાયા...



અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના લોઠપુર, બાબરકોટ અને વાંઢ ગામોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બને તે હેતુથી અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા સીએસઆર કાર્યક્રમ અંતર્ગત જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા.આ ઉપરાંત કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાઓને અટકાવવામાં પણ સ્થાનિક તંત્રને પૂરતી સહાય મળી રહેશે.વાંઢ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સુરક્ષા તથા શાળાના શૈક્ષણિક વાતાવરણની ગરિમા જળવાઈ રહે તે માટે સીસીટીવી સિસ્ટમ ગોઠવવામાં આવી છે. આ કેમેરા લગાવવાના કારણે શાળા પરિસરમાં થતી તમામ પ્રવૃત્તિઓ અને લોકોની આવન જાવન પર સતત નજર રાખી શકાશે. ત્યારે જાફરાબાદ તાલુકાના ગામ સીસીટીવી કેમેરાથી સુરક્ષિત કરાયા છે.

તારીખ : 03/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 03/04/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ

લાઈવ કેક માટે મુલાકાત લ્યો



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3350
02/04/2026
Thursday

## आत्मा

समाज प्राप्य उपासनी
की पद्धती को ही
"धर्म" समझता है।

बाबास्वामी
2/4/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"પરમાત્મા સિવાય કોઈ જ પૂર્ણ નથી એટલે જ્યાં પણ જોશો, જેના પર પણ પ્રેમ કરશો ત્યાં કંઈક તો નબળું દેખાવાનું જ છે.દરેક નબળાની જો નિંદા જ કરતા રહેશું તો નિંદાથી ક્યારેય મુક્ત નહીં જ બની શકાય."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# ગલગલીયા

ભાઈ ગરમી એ તો માજા મૂકી મોટો ભાઈ: શું વાત છે ગરમીએ હવે ઠંડા પીણા નું પણ શરૂ કરી દીધું ગરમી સાથે?

તારીખ : 03/04/2026
કે.ડી. ન્યુઝ
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૩ એપ્રિલ
# મહત્વની ઘટનાઓ

૧૯૭૩ – ન્યુયોર્ક,અમેરિકામાં, પ્રથમ સેલ ફોન કોલ કરાયો.

૧૯૮૪ – સોયુઝ ટી-૧૧ અવકાશયાન દ્વારા રાકેશ શર્માએ અવકાશ તરફ પ્રયાણ કર્યું.

## જન્મ

૧૭૮૧ – સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક તથા ઈષ્ટદેવ (અ. ૧૮૩૦)

૧૮૭૦ – અમૃતલાલ પઢિયાર, ગુજરાતી ભાષાના લેખક (અ. ૧૯૧૯)

૧૮૯૦ – શચીન્દ્રનાથ સાન્યાલ, ભારતીય ક્રાંતિકારી અને હિન્દુસ્તાન રિપબ્લિકન આર્મી (એચઆરએ)ના સહ-સ્થાપક (અ. ૧૯૪૨)

૧૯૦૩ – કમલાદેવી ચટ્ટોપાધ્યાય, ભારતીય સમાજ સુધારક, સ્વાતંત્ર્ય સેનાની તથા ભારતીય હસ્તકલાના ક્ષેત્રમાં પુનરુત્થાન લાવનારા ગાંધીવાદી મહિલા (અ. ૧૯૮૮)

૧૯૦૩ – મણિબેન પટેલ, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને સરદાર વલ્લભભાઈ પટેલના પુત્રી (અ. ૧૯૯૦)

૧૯૧૪ – જનરલ સામ માણેકશા, ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ભારતીય સેનાના આર્મી સ્ટાફના વડા અને ફિલ્ડ માર્શલના હોદ્દા પર બઢતી મેળવનારા ભારતીય સેનાના પ્રથમ અધિકારી (અ.૨૦૦૮)

૧૯૪૩ – દિલીપ ઝવેરી, ગુજરાતી ભાષાના કવિ, અનુવાદક, નાટ્યકાર, સંપાદક અને ચિકિત્સક૧૯૫૮ – જયાપ્રદા, ચલચિત્ર અભિનેત્રી.

૧૯૬૫ – નાઝિયા હસન, પાકિસ્તાની પોપ ગાયિકા.(અ. ૨૦૦૦).(જેમણે "કુરબાની"નું પ્રસિદ્ધ ગાયન 'આપ જૈસા કોઈ મેરી...' ગાયેલું.)

## અવસાન

૧૩૨૫ – નિઝામુદ્દીન ઔલિયા, ચિશ્તી ફિરકાના એક સૂફી સંત (જ. ૧૨૩૮)

૧૬૮૦ – છત્રપતિ શિવાજી, પશ્ચિમ ભારતમાં મરાઠા સામ્રાજ્યના સ્થાપક (જ. ૧૬૩૦)

૧૯૯૮ – હરકિસન મહેતા, ગુજરાતી લેખક અને

તારીખ : 03/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી


## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 03/04/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે
CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/04/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**